જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૭/૧૨/૨૦૨૩ બુધવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૭૫/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૬ કેસ કરી, ૮૨ વ્યક્તિઓને ઝડપી, ૨૬૭ લીટર દેશી દારૂ, ૯૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૯૨૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૧ બિયર ટીન, ૧ સ્કુટર અને ૧ લોડીંગ ટેમ્પો કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી, ૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨,૧૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૭૬/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૪૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૨૦૭૭/૨૦૨૩

**અમરાઇવાડીઃ** રાઘવેન્દ્રસિંગ ગજરાજસિંગ સિસોદિયા (રહે. શિવહનુમાનનગરની ચાલી તારાચંદની ચાલીની બાજુમાં હાટકેશ્વર રોડ અમરાઇવાડી) એ તા.૨૬/૧૨/૨૦૨૩ ના રોજ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૧૨/૨૦૨૩ રાતના ૯/૦૦ થી તા.૨૫/૧૨/૨૦૨૩ કલાક ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૨૮,૭૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એન.ઝવેરી ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૭૮/૨૦૨૩</u>**

**ચાંદખેડાઃ** રિધ્ધિ બાબુભાઈ તડવી (ઉ.વ.૧૯) (રહે. ભુલાભાઈ પાર્ક-૨ કોકીલકુંજ સોસાયટી ત્રાગડ આ.ઈ.ઓ.સી.રોડ ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૨૫/૧૨/૨૦૨૩ રાતના ૧૧/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી સી.એચ.ગામેતી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી